/o

તા.03/01/૨૦૧૯ના રોજ ૧૨:30 કલાકે અગ્રસચિવશ્રી(સા.ન્યા.)ના અધ્યક્ષ સ્થાને મળેલ આઈ.ટી.કમિટીની બેઠકની કાર્યવાહી નોંધઃ-

બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલા હતા.

| અ.નં. | અધિકારી/કર્મચારીનુ નામ | હોદ્દો/કચેરી |
|---|---|---|
| ૧. | ડો.સંધ્યા ભુલ્લર, IAS | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, GIL |
| ૨. | શ્રી એચ.જી.ભાભોર | સંયુક્ત સચિવ(કોમ્પ્યુટર સેલ) |
| 3. | શ્રીમતી જે.વી.દેસાઈ | નાયબ સચિવ(સમાજ સુરક્ષા) |
| ૪. | શ્રી બી.એલ.ચૌધરી | ઉપસચિવ(કોમ્પ્યુટર સેલ) |
| ૫. | શ્રી હિતેશ વહોનિયા | નાયબ સેક્શન અધિકારી, નાણા વિભાગ |
| ૬. | ડો. દિનેશ કાપડીયા | સચિવશ્રી, બિનઅનામત આયોગ |
| ૭. | શ્રી જી.એન.નાચીયા | નિયામક, સમાજ સુરક્ષા |
| ૮. | શ્રી એન.કે.પરમાર | નાયબ નિયામક(સમાજ સુરક્ષા) |
| ૯. | શ્રી વી.એસ.શાહ | નાયબ નિયામક(સમાજ સુરક્ષા) |
| ૧૦. | શ્રી પી.એમ.જેઠવા | નાયબ નિયામક(સમાજ સુરક્ષા) |
| ૧૧. | શ્રી એ.જે.મોઢવાડિયા | સ્ટેટ કોર્ડીનેટર(સમાજ સુરક્ષા) |
| ૧૨. | શ્રી વિજય ભાલિયા | **Executive, GIL** |
| ૧૩. | શ્રી એ.એમ.પટેલ | સમાજ કલ્યાણ અધિકારી,વિ.જા.ક. |
| ૧૪. | શ્રી કે.એચ.ભુંભાણી | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ |
| ૧૫. | શ્રી નરેશ પ્રજાપતિ | આઈ.ટી. એક્સપર્ટ, GSCWC-નિગમ |

બેઠકમાં નીચે મુજબના એજન્ડાની ચર્ચા વિચારણા કરવામાં આવી અને નિર્ણય લેવામાં આવ્યા.

૧. વિભાગ હસ્તકના ખાતાના વડા હસ્તકની સંસ્થાઓમાં CCTV કેમેરા લગાડવા માટે કેમેરાઓની સંખ્યા

| ક્રમ | સંસ્થા | સંસ્થાઓની સંખ્યા | કેમેરા | મંજૂરી આપવામાં આવી |
|---|---|---|---|---|
| ૧ | સમરસ હોસ્ટેલ સોસાયટી | ૧૨ | ૯૨૪ | ૪૬૨ |
| ૨ | વિકસતી જાતિ કલ્યાણ | ૧૮ | ૧૦૮ | ૧૦૮ |
| 3 | અનુસૂચિત જાતિ કલ્યાણ | ૩૫ | ૨૧૦ | ૨૧૦ |
| ૪ | સમાજ સુરક્ષા | ૦૫ | ૩૦ | સમાજ સુરક્ષામાં સંસ્થાઓની સંખ્યા ૫ થી વધારીને ૧૦ કરતા ૬૦ કેમેરાની મંજૂરી આપવામાં આવી. |
| | | કુલ | ૧૨૭૨ | ૮૪૦ |

૨. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની કચેરીની ૧ લેપટોપ ખરીદવાની મંજૂરી આપવામાં આવી તથા સ્કેનરની ખરીદીની દરખાસ્ત અંગે ચર્ચા થતા જી.આઈ.એલ.ના એમ.ડી.એ હાલ કચેરી ખાતે મલ્ટીફંક્શન પ્રિન્ટર કે જેમાં સ્કેનરની સુવિધા હોય છે તે ઉપલબ્ધ છે કે કેમ? અને જો ના હોય તો મલ્ટીફંક્શન પ્રિન્ટર ખરીદવાની બાબત આગામી આઈ.ટી. કમિટીમાં મૂકવા દરખાસ્ત કરવા જણાવેલ છે.

3. ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગની કચેરીમાં ખરીદવામાં આવેલ કોમ્પ્યુટર નંગ-૯ માટે MS Office **STD 2016 SMGL OLPC or Latest Software** રૂ.૧૬,૯03/-ની કિમંતના ખરીદવાની મંજૂરી સમિતિ દ્વારા આપવામાં આવી.

૪. નિયામકશ્રી,સમાજ સુરક્ષાની કચેરી માટે ૫ વર્ષથી જૂના કોમ્પ્યુટર હોય તો કન્ડમ કરવાની કામગીરી GIL/Private company પાસેથી કરાવી તેનો અહેવાલ રજૂ થયેથી ૨૦ કોમ્પ્યુટર સોફ્ટવેર સહિત વડી કચેરી માટે તથા જિલ્લાઓની કચેરી માટે ૬૬ કોમ્પ્યુટર સોફ્ટવેર સહિત, ૫૩ પ્રિન્ટર ખરીદવાની દરખાસ્તને સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી.

૫. બેઠક દરમ્યાન નિયામકશ્રી, અ.જા.ક.ની કચેરીના નાયબ નિયામકશ્રી તરફથી વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમાં ખરીદીની મંજૂરી મેળવેલ હાર્ડવેર ખરીદાયેલ ન હોઈ વર્ષ ૨૦૧૮-૧૯માં ખરીદવા

અધ્યક્ષશ્રીને વિનંતી કરેલ. તેના અનુસંધાને ગ્રાન્ટ ઉપલબ્ધ હોય તો તે શરતે હાર્ડવેર ખરીદીની મંજૂરી સમિતિ દ્વારા આપવામાં આવી.

૬. આ તમામ ખરીદી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન સદર કચેરીએ પૂરી કરવાની રહેશે તેમજ આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ ચાલુ નાણાકીય વર્ષમાં આખરે સરન્ડર કરવાની રહેશે.

૭. મંજૂર થયેલ હાર્ડવેર/સોફ્ટવેરની ખરીદી અંગે DSTની સૂચનાઓ અનુસરવાની રહેશે.

અંતમાં સર્વેનો આભાર માની બેઠકનું સમાપન કરવામાં આવ્યું.

(એચ.જી.ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ક્રમાંક:CMP-૧૦૨૦૧૪-૫૬૧૮૦૬-કો.સેલ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.11 JAN 2019

પ્રતિ,

(૧) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાણા સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(3)અધિક સચિવશ્રી(વિજાક અને બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી(અ.જા.ક.),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી(સ.સુ.),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, 3જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ.,બ્લોક નં.૧, ૮મો માળ,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.

(૧૦) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ,એ-૨ વીંગ, ૬ ઠ્ઠો માળ, બ્લોક નં.-૧, કર્મયોગી ભવન,સેક્ટર-૧૦, ગાંધીનગર.

(૧૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૯, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તા.૧૧/૨/૨૦૧૯ના રોજ ૧૧–૩૦ કલાકે અગ્રસચિવશ્રી, સા.ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને આઈ.ટી.કમીટીની **મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :–**

બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતાં.

| અ.નં. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો/ કચેરી |
|---|---|---|
| ૧ | શ્રી એચ.જી.ભાભોર | સંયુક્ત સચિવ, સા.ન્યાય અને અ.વિભાગ |
| ૨ | શ્રીમતી જે.વી.દેસાઈ | નાયબ સચિવ, સા.ન્યાય અને અ.વિભાગ |
| ૩ | શ્રી પી.એલ.સોલંકી | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ |
| ૪ | શ્રી જી.એન.નાચીયા | નિયામકશ્રી, સમાજ સુરક્ષા |
| ૫ | શ્રી પી.એમ.જેઠવા | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ |
| ૬ | શ્રી પ્રણવ વૈદ્ય | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ |
| ૭ | શ્રી એન.એલ.બગડા | નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ |
| ૮ | શ્રી કે.આર.ઝાલા | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ |
| ૯ | શ્રી એન.કે.પરમાર | નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા |
| ૧૦ | શ્રી પી.જે.ત્રિવેદી | નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા |
| ૧૧ | શ્રી બી.એલ.ચૌધરી | ઉપસચિવશ્રી,સા.ન્યાય અને અ.વિભાગ |
| ૧૨ | શ્રી વિષ્ણુ પટેલ | ઉપસચિવશ્રી,સા.ન્યાય અને અ.વિભાગ |
| ૧૩ | શ્રી આઈ.એમ.ધાંચી | સેકશન અધિકારી, સા.ન્યાય અને અ.વિભાગ |
| ૧૪ | શ્રી એ.જે.મોઢવાડિયા | સમાજ સુરક્ષા |
| ૧૫ | શ્રી મૌલિન | જી.આઈ.પી.એલ. |
| ૧૬ | શ્રી જયદિપ સોલંકી | જી.આઈ.પી.એલ. |

૧. બેઠકની શરુઆતમાં વિભાગ હસ્તકના ત્રણેય ખાતાના વડાઓમાં આઈ.ટી.ની કામગીરી માટે નાયબ નિયામકશ્રી કક્ષાના નોડલ અધિકારીઓ નિમવા અંગે ચર્ચા થઈ. નિયામકશ્રી, અ.જા.ક.ની કચેરીમાં શ્રી એન.એલ.બગડા, નાયબ નિયામકશ્રી, નિયામકશ્રી, વિકસતી જાતિમાં શ્રી પ્રણવ વૈદ્ય,નાયબ નિયામકશ્રી, અને સમાજ સુરક્ષામાં શ્રી વિવેક શાહ, નાયબ નિયામકશ્રીને આઈ.ટી.ની કામગીરી માટે નોડલ અધિકારી તરીકે નક્કી કરવામાં આવ્યું.

૨. એમ.આઈ.એસ. બાબતે ચર્ચા થતાં જી.આઈ.પી.એલ.ના સંબંધિત કર્મચારીએ જણાવેલ કે, નિયામકશ્રી, અ.જા.ક અને સમાજ સુરક્ષામાં ટ્રેનીગ આપવામાં આવી છે. જ્યારે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણમાં ટ્રેનીગ આપવાની બાકી છે. આ બાબતે અગ્ર સચિવશ્રીએ તાત્કાલિક વિકસતી જાતિની પણ ટ્રેનિંગ પુરી થાય તેમજ તમામ આશ્રમશાળાઓ, છાત્રાલયો, વૃધ્ધાશ્રમો, સમરસ છાત્રાલયો તમામના યુઝર્સ આઈ.ડી. અને પાસવર્ડ બનાવવાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવ્યું.

(કાર્યવાહી : અધિક સચિવ(વિ.જા.ક), સંયુકત સચિવ(અ.જા.ક), નાયબ સચિવશ્રી(સ.સુ) , નિયામકશ્રી, અ.જા.ક,/ વિ.જા.ક/ સ.સુ / જી.આઈ.પી.એલ.

૩. સ્પેશ્યલાઈઝ સ્કીમ અન્વયે ચર્ચા થતાં. વિદેશ અભ્યાસ લોન માટે તેમજ કોમર્શીયલ પાઈલોટની અરજી ઓનલાઈન કરવા દરખાસ્ત જી.આઈ.પી.એલ. ધ્વારા વિભાગને મોકલેલ છે તેમ જણાવતાં શ્રી બી.એલ.ચૌધરી, ઉપસચિવશ્રીએ જણાવેલ કે ખાતાના વડાઓ પાસેથી વિગતો મંગાવેલ છે. આથી અગ્ર સચિવશ્રીએ વિદેશ અભ્યાસ લોન, કોમર્શીયલ પાઈલોટ તેમજ માનવ ગરીમા યોજના માટેની દરખાસ્તને મંજૂર કરવા જણાવ્યું.
(કાર્યવાહી : અધિક સચિવ(વિ.જા.ક), સંયુકત સચિવ(અ.જા.ક)

૪. નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની વિકલાંગ સાધન સહાય, લગ્ન સહાય વિગેરે યોજનાઓ માટે જરુરી કાર્યવાહી કરવી. ડ્રગ્સ એબ્યુઝની દરખાસ્તો ભારત સરકારને મોકલવામાં આવેલ છે. ત્યારબાદ આગળની કાર્યવાહી થતી નથી તેમ જણાવતાં અગ્રસચિવશ્રીએ તમામ વિગતો સાથે ભારત સરકારને પત્ર લખવા જણાવેલ.
(કાર્યવાહી : નાયબ સચિવશ્રી(સ.સુ)/ નિયામકશ્રી, સમાજ સુરક્ષા)

૫. મોબાઈલ એપ્લીકેશન બાબતે જી.આઈ.પી.એલ.ના કર્મચારીએ જણાવેલ કે, વિકસતી જાતિ માટે દરખાસ્ત કરવામાં આવશે.

(કાર્યવાહી : અધિક સચિવ(વિ.જા.ક), સંયુકત સચિવ(અ.જા.ક), નાયબ સચિવશ્રી(સ.સુ) , નિયામકશ્રી, અ.જા.ક,/ વિ.જા.ક/ સ.સુ / જી.આઈ.પી.એલ.

૬. અગ્ર સચિવશ્રીએ વિભાગની તમામ માહિતી ઓનલાઈન કરવા જણાવ્યું. જેમાં વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ ની તેમજ આઉટ સોર્સીંગથી ભરેલ જગ્યાઓની માહિતીમાં કુલ જગ્યાઓ, ખાલી જગ્યાઓ કેડર વાઈઝ, બઢતી, બદલી, નિવૃતિની તારીખ વિગેરે વિગતો બતાવવા તેમજ ખાતાના વડાઓની પણ ઉપર મુજબની માહિતી ઓનલાઈન કરવા જણાવ્યું.
(કાર્યવાહી : અધિક સચિવ(વિ.જા.ક), સંયુકત સચિવ(અ.જા.ક), નાયબ સચિવશ્રી(સ.સુ) , નિયામકશ્રી, અ.જા.ક,/ વિ.જા.ક/ સ.સુ / જી.આઈ.પી.એલ.

૭. ટેબલેટ બાબતે ચર્ચા થતાં રૂા.૧,૦૦૦/– સહાય આપવામાં આવે છે તે સહાય શિક્ષણ વિભાગ મારફત આપવા માટે ચર્ચા કરવામાં આવી. આ બાબતે કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ સાથે અગ્ર સચિવશ્રીએ ટેલીફોનીક ચર્ચા પણ કરેલ. વધુમાં શ્રી પી.એમ.જેઠવા તથા શ્રી કે.આર.ઝાલાએ જણાવેલ કે, તબીબી સહાય તેમજ યુ.પી.એસ.સી.ની તાલીમની યોજના માટે જે તે વિભાગને ગ્રાન્ટ વિભાગ મારફત જ આપવામાં આવે છે.આ અંગે જે કોઈ કાર્યવાહી કરવાની બાકી હોય તે ઝડપથી પુર્ણ કરવા અગ્ર સચિવશ્રીએ જણાવ્યું.
(કાર્યવાહી:નિયામકશ્રી,અ.જા.ક. /વિ.જા.ક, સંયુકત સચિવશ્રી(અ.જા.ક), અધિક સચિવશ્રી(વિ.જા.ક)

અંતમાં બેઠકમાં હાજર રહેલ સર્વેનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

(એચ.જી.ભાભોર)
સંયુકત સચિવ(કો.સેલ/સંકલન)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

ક્રમાંક: CMP- 102019-83428-કો.સેલ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯મો માળ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૧ /૨/૨૦૧૯.

પ્રતિ,

(૧) અધિક સચિવશ્રી (વિજાક અને બજેટ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૨) સંયુકત સચિવશ્રી(અ.જા.ક)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી(સ.સુ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) ગુજરાત ઈન્ફો પેટ્રો લિ.,બ્લોક નં.૧૫, બીજો માળ, ઉધોગ ભવન, ગાંધીનગર.

(૮) સિલેકટ ફાઈલ

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.